AHD-04-PLD
6867 | 1-57
2013

Serial No. 2 Date: 23/09/13
Name of the Purchaser:
Salim Abdulrazakbhai Nagani
Address
ABAD
Value Rs. : 22|R 500/-
Licence No. GUJ/SOS/AUTH./AV/3/2005
IDBI BANK LTD.
C.G. Road, Ahmedabad-380015.

NOTARY · GOVT. OF INDIA

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી)નાં સીટી પશ્ચિમ તાલુકાની ગામ મોજે સરખેજની સીમનાં ખાતા નં.૧૭૮ ની સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂા.૩૦=૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧[illegible] જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૨૭૫[illegible] રહેણાંકનાં હેતુસર બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪[illegible]૦૦ બીનખેતીની પરવાનગીવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા.૧,૭૯,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા એક કરોડ ઓગણાએસી લાખ પુરાનો...

Salim A. Rijak — S.R. Nagani — 23/9/13

IDBI BANK LTD. IDBI COMPLEX AHMEDABAD-380015
भारत INDIA
STAMP DUTY SPECIAL ADHESIVE
GUJARAT 23.9.2013
7878 6542594

AHD-04-PLD
6867 | 2-27
2013

NOTARY
ALPA R. VYAS
AHMEDABAD CITY
GUJARAT STATE
REGD. NO.
GOVERNMENT OF INDIA

લખાવી લેનાર :- સલીમ અબ્દુલરજાક નાગાણી
PAN No. : AARPN 6564 H
ઉ.વ.આ. : ૩૭, ધંધો : વેપાર તથા ખેતી, જાતે ધર્મે : મુસલમાન,
રહેવાસી : ડી/૨, સહાના એપાર્ટમેન્ટ, કિર્તીકુંજ સોસાયટી,
શાહ-આલમ ટોલનાકા, અમદાવાદનાં.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'તમો' અગર 'તમો લખાવી લેનારાઓ' એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દનાં અર્થમાં તમો લખાવી લેનારાઓનો તથા તમો લખાવી લેનારાઓનાં વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એડવાઈઝરો, સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

લખી આપનાર :- બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ
PAN No. : ~~Form 60~~ AAHPT 1665 F
ઉ.વ.આ. : ૭૪, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,
રહેવાસી : ખારવાડ, સરખેજ ગામ, તા.સીટી, જી. અમદાવાદનાં.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'અમો' અગર 'અમો લખી આપનાર' એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દનાં અર્થમાં અમો લખી આપનારનો તથા અમો લખી આપનારનાં વંશ, વાલી, વારસો, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એડવાઈઝરો, સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

કન્ફર્મીંગપાર્ટીવાળા :- (૧) ભાવેશ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ
ઉ.વ. : પુખ્ત, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,

Salim A. Rajani   S.R.   26/1/13

NOTARY GOVERNMENT OF INDIA ALPA B. VYAS AHMEDABAD-CITY GUJARAT STATE REGD NO. 8584/11

AHD-04-PLD
6867 /3 - 57

(૨) દેવયાની તે ભાવેશભાઈ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત
ઉ.વ. : પુખ્ત, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,
(૩) ગાર્ગી તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી
ઉ.વ. : પુખ્ત, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,
(૪) રચના તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી
ઉ.વ. : પુખ્ત, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,
(૫) કલાબેન તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત
ઉ.વ. : પુખ્ત, ધંધો : ખેતી, જાતે ધર્મે : હિન્દુ,
સર્વે રહેવાસી : ખારવાડ, સરખેજ ગામ, તા.સીટી, જી.અમદાવાદનાં એમ નં.૧ થી ૫નાં વતી અને તરફથી તેઓનાં કુલમુખત્યાર તરીકે :
સીરાજ અબ્દુલરજાક નાગાણી
ઉ.વ.આ. : ૩૪ ધંધો : વેપાર તથા ખેતી, જાતે ધર્મે : મુસલમાન, રહેવાસી : ડી/૨, સહાના એપાર્ટમેન્ટ, કિર્તીકુંજ સોસાયટી, શાહ-આલમ ટોલનાકા, અમદાવાદનાં.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'અમો' અગર 'અમો કન્ફર્મીંગપાર્ટીવાળા' એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દનાં અર્થમાં અમો કન્ફર્મીંગપાર્ટીવાળાનો તથા અમો કન્ફર્મીંગપાર્ટીવાળાનાં વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એડવાઈઝરો, સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી)નાં સીટી પશ્ચિમ તાલુકાનાં ગામ મોજે સરખેજની સીમનાં ખાતા નં.૧૭૮ ની સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. : ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી

x Salim A. Rijwi S.R.Nagani 29/9/13

AHD-04-PLD
6867 | ५-२७
२०१३

કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂા.૩૦=૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતાં તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૨૭૫૨ રહેણાંકનાં હેતુસર બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ બીનખેતીની પરવાનગીવાળી જમીન અમો લખી આપનારની કુલ સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની આવેલ છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહુ જમીન" એ રીતે સંબોધવામાં આવશે.

સદરહુ જમીન પ્રથમ ચમનલાલ હરીલાલ તથા સગીર હરીશચંદ્ર હરીલાલનાં વાલી તરીકે તથા રેવા છગનલાલ મહાશંકરની દિકરીનાં નામે કુલ સ્વતંત્ર માલીક કબ્જેદાર તરીકે ચાલી આવેલ હતી.

ત્યારબાદ, મજકુર ચમનલાલ હરીલાલ તથા સગીર હરીશચંદ્ર હરીલાલનાં વાલી તરીકે તથા રેવા છગનલાલ મહાશંકરની દિકરીનાં મુખત્યાર તરીકે જયંતિલાલ હરીલાલ પાસેથી સદરહુ જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તા.૧૭/૦૭/૧૯૩૫ ના રોજ ચમનલાલ કરૂણાશંકરે વેચાણ રાખેલ. તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૬૭૫, તા.૨૫/૦૮/૧૯૩૫ થી કરવામાં આવેલ. તે નોંધ તા.૦૬/૦૧/૧૯૩૭ ના રોજ મંજુર થયેલ છે. તે રીતે સદરહુ જમીન ચમનલાલ કરૂણાશંકરેનાં કુલ સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટા તથયા ખુદખેડમાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનનાં રેકર્ડનાં બીજા હક્કમાં બોમ્બે ટેનન્સી એકટની કલમ - ૩ (અ) મુજબ સંરક્ષીત ગણોતીયા તરીકે રણછોડ નારણનું નામ દાખલ કરવામાં આવેલ. તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૧૦૬૭, તા.૦૧/૧૦/૧૯૪૮ થી કરવામાં આવેલ. તે નોંધ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ જમીનનાં માલીક ચીમનલાલ કરૂણાશંકર તા.૧૮/૦૩/૧૯૫૦ ના રોજ અવસાન પામતા તેઓનાં વારસદાર તરીકે વાસુદેવ ચીમનલાલનાં વાલી

Salim A. Rujar

AHD-04-PLD
6867 | ૬-૩૭
2013

પશીબેનનું નામ વારસાઈ હક્કે રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૧૧૧૦, તા.૧૮/૦૭/૧૯૫૦ થી કરવામાં આવેલ. તે નોંધ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ જમીનનાં રેકર્ડનાં બીજા હક્કમાં નામદાર મુંબઈ સરકારનાં રેવન્યુ ડીપાર્ટમેન્ટનાં ઠરાવ નં.૨૨૫૨/૪૯, તા.૨૭/૦૨/૧૯૫૦ મુજબ સામાન્ય ગણોતીયા તરીકે મફા વરવાનું નામ દાખલ કરવામાં આવેલ. તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૧૧૪૬, તા.૧૦/૧૦/૧૯૫૨ થી કરવામાં આવેલ. તે નોંધ તા.૩૦/૧૦/૧૯૫૩ ના રોજ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ જમીનનાં રેકર્ડનાં બીજા હક્કમાં સદરહુ જમીન વાસુદેવ ચીમનલાલની વાલી પશીનાં નામે ચાલે છે. પરંતુ, ખેડૂત તરીકે કબ્જો મફા વરવાનો હોવાથી રેવન્યુ ડીપાર્ટમેન્ટનાં ઠરાવ નં.૨૨૫૨/૪૯, તા.૨૭/૦૨/૧૯૫૦ અનુસાર તાલુકાનાં હુકમ નં.ટી.એન.સી. મુજબ સા.ગ. તરીકે મફા વરવાનું નામ દાખલ કરતી નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૧૨૬૯, તા.૨૦/૦૨/૧૯૫૩ થી કરવામાં આવેલ. તે નોંધ તા.૩૦/૧૦/૧૯૫૩ ના રોજ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ જમીનનાં રેકર્ડનાં બીજા હક્કમાં સા.ગ. મફાજી વરવાજી ખરીદવા ખુશી ન હોવાથી ખરીદી બીન અમલી ઠરાવવામાં આવેલ તેમજ ગ.ધા.કલમ - ૩૨(પી) મુજબ તજવીજ કરવા ટેનન્સી કેસ નં.૬, તા.૧૯/૦૫/૧૯૬૪ નાં હુકમની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૨૨૪૭, તા.૦૧/૦૮/૧૯૬૬ થી કરવામાં આવેલ. તે નોંધ તા.૦૭/૦૪/૧૯૬૮ ના રોજ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ જમીન બાબતે મે. એડીશનલ મામલતદાર અને ખેતી જમીન બાબતનાં ન્યાયાધીકરણ નં.૧ સીટી તાલુકા અમદાવાદનાં હુકમ નં.ટેનન્સી દાવા નં.૩૨પી ૭/૬૮, તા.૧૮/૧૧/૧૯૬૮ થી ગણોતીયા મફાભાઈ વરવાભાઈનો

Salim A. Rajak

AHD-04-PLD
6867 | 6-57
2013

NOTARY
GOVERNMENT OF INDIA
ALPA R. VYAS
AHMEDABAD CITY
GUJARAT STATE
REGD. NO.
8584/14

ખેડ હક્ક સમાપ્ત કર્યા અને જમીન માલીકને પરત કરવા અને તે જમીન તેમને ગ.ધા.કલમ - ૩૨(પી)(૭)(એ)(ધ)(૮)ની શરતોને આધીન નવી શરતે ધારણ કરવાનું ઠરાવતો હુકમ થવાથી તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૨૩૦૮, તા.૧૪/૧૨/૧૯૬૮ થી કરવામાં આવેલ. તે નોંધ તા.૨૪/૦૨/૧૯૬૯ ના રોજ મંજુર થયેલ છે. તે રીતે સદરહુ જમીન પ્રતિબંધીત સત્તા પ્રકારે જમીન માલીક બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલનાં કુલ સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટા તથા ખુદખેડમાં આવેલ.

ત્યારબાદ, સદરહુ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી.: ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી.: ૨-૧૯-૫૪નો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ (સરખેજ-મકરબા-ઓકાફ) માં થતાં ફા.પ્લોટ નં.૫૦, સ.ચો.મી. ૧૩૧૭૨ આપવામાં આવેલ છે.

સદરહુ સર્વે નં.૫૯૭ વાળી હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪ જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીનને પ્રતિબંધીત સત્તાપ્રકારે આવેલ હોઈ તેને બીનખેતીલાયક જુની શરતમાં ફેરવવા બાબતે અમો લખી આપનારે અમદાવાદનાં મે. જીલ્લા કલેકટર સાહેબની કચેરીમાં અરજી કરતા મે. જીલ્લા કલેકટર સાહેબે સદરહુ જમીન અંગે ગુજરાત રાજ્યનાં મહેસુલ વિભાગનો અભિપ્રાય માંગતા મહેસુલ વિભાગનાં સેકશન અધિકારી શ્રીએ તેઓની કચેરીનાં હુકમનાં ક્રમાંક-ગણત/૧૧૦૮/૧૩૨૪/ઝ, તા.૩૧/૦૩/૨૦૧૧ ના રોજ સદરહુ સર્વે નં.૫૯૭ વાળી હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪ જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૨૭૫૨ જમીનને બીનખેતીનાં હેતુ માટે પ્રીમીયમ નક્કી કરવા અભિપ્રાય આપેલ તે અન્વયે અમદાવાદનાં મે. સીટી ડેપ્યુટી કલેકટર સાહેબશ્રીએ તેઓની કચેરીનાં હુકમ નં.સીડીસી/ટીએનસી/એસ.આર.-૩૧૧/૨૦૧૦, તા.૧૩/૦૫/૨૦૧૧ ના રોજ સ.ચો.મી. : ૧૨૭૫૨ જમીન ઉપર

Salim A. Rajak

23/1/13

AHD-04-PLD
6867 | ૭-૧૭
2013

NOTARY ALPA R. VYAS AHMEDABAD CITY GUJARAT STATE GOVERNMENT OF INDIA

રહેણાંકલાયક બીનખેતીનાં હેતુ માટે નવી શરતમાં ફેરવવાનું પ્રીમીયમ રૂા.૩,૦૬,૦૪,૮૦૦=૦૦ અંકે રૂપિયા ત્રણ કરોડ છ લાખ ચાર હજાર આઠસો પુરા ભરવાનો હુકમ કરેલ તે હુકમ અનુસંધાને જમીન માલીકે તા.૧૯/૦૪/૨૦૧૧ ના રોજ પ્રીમીયમની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મેઈન શાખા, અમદાવાદમાં ચલણ નં.૪૬ થી સરકારશ્રીમાં જમા કરાવતા તે બાબતની પહોંચ સર્કલ ઈન્સ્પેકટરશ્રી / તલાટી કમ મંત્રીશ્રી નરોડાએ તેઓની કચેરીનાં પહોંચ નં.૮૫ થી તા.૧૯/૦૪/૨૦૧૧ થી આપેલ છે તેમજ સદરહુ સ.ચો.મી. : ૧૨૭૫૨ જમીનને પ્ર.સ.પ.માંથી બીનખેતીનાં હેતુ માટે નિયંત્રણોમાંથી મુકત કરવામાં આવેલ છે. તે બાબતનો હુકમ સીટી ડેપ્યુટી કલેકટરશ્રી અમદાવાદની કચેરીમાં હુકમ થવા ઉપર છે તે હુકમની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૫૭૨૯, તા.૦૮/૦૬/૨૦૧૧ થી કરવામાં આવેલ છે જે નોંધ તા.૧૯-૦૭-૨૦૧૧ ના રોજ મંજુર થયેલ છે.

ત્યારબાદ, સદરહુ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી.: ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી.: ૨-૧૯-૫૪ જમીનને મળેલ ફાઈનલ પ્લોટ નં.૫૦ સ.ચો.મી. : ૧૨૭૫૨ જમીનને રહેણાંકનાં હેતુસર બીનખેતીની પરવાનગી મેળવવા માટે અમો લખી આપનારે મે. જીલ્લા કલેકટર સાહેબશ્રી, અમદાવાદની કચેરીમાં અરજી કરતાં મે. જીલ્લા કલેકટર સાહેબશ્રી તેઓની કચેરીનાં હુકમ નં.ઈ.એસ.ટી./એન.એ./ત.બિ.ખે./તત્કાલ/ક-૬૫.એસ.આર.૮૧/૨૦૧૨, તા.૦૪/૦૬/૨૦૧૩ થી રહેણાંકના હેતુસર બીનખેતીની પરવાનગી આપતો હુકમ કરેલ તે બાબતની નોંધ ગામ દફતરે ગામ નમૂના નં.૬ નાં હક્કપત્રકમાં નોંધ નં.૬૦૮૬, તા.૧૮/૦૬/૨૦૧૩ થી કરવામાં આવેલ. જે. નોંધ તા.૧૭/૦૮/૨૦૧૩ના રોજ મંજુર થયેલ છે.

ત્યારબાદ સદરહુ ફાઈનલ પ્લોટ નં.૫૦ની સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીનમાં અમો લખી આપનારાઓએ દરેક પ્લોટમાં કોમન પ્લોટ તથા રસ્તાની જોગવાઈ રાખી સબ પ્લોટો પાડી તે અંગેનો લે-આઉટ પ્લાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીનાં કેસ નં.LTS/NWZ/020513/P/B6468/M1 તા.૧૮/૦૭/

Salim A. Pujara
S. R. Nagori
[signature] 2013/13

AHD-04-PLD
6867 | 57
2013

NOTARY GOVERNMENT OF INDIA
ALPA R. VYAS
AHMEDABAD CITY
GUJARAT STATE
REGD NO. 8584/11

: ૮ :

૨૦૧૩ થી લે-આઉટ પ્લાન મંજુર કરાવેલ તેમજ રજા ચીઠ્ઠી નં.34074/020513/B6468/M1 તા.૧૮/૦૭/૨૦૧૩ થી મેળવેલ તે પ્લાન મુજબ સબ પ્લોટ નં.૦૧ ને સ.મો.મી. : ૩૪૨૧.૯૧ આપવામાં આવેલ તથા સબ પ્લોટ નં.૦૨ ને સ.ચો.મી. : ૪૩૦૦ આપવામાં આવેલ તથા સબ પ્લોટ નં.૦૩ ને સ.ચો.મી. : ૫૪૫૦.૦૯ આપવામાં આવેલ તે સબ પ્લોટ નં.૦૩માં સ.ચો.મી. : ૪૨૦ જમીન નવી શરતની બતાવવામાં આવેલ છે.

સદરહુ વેચાણ દસ્તાવેજનાં લખી આપનાર અમો કન્ફર્મીંગપાર્ટીવાળા નં.૧, ૩ તથા ૪નાં પિતા થતા હોઈ તેમજ નં.૫ ના પતિ થતાં હોઈ તેમજ નં.૨નાં સસરા થતા હોઈ તેમજ સદરહુ જમીન વડીલોપાર્જીત હોઈ સદરહુ જમીન આ રીતે લખી આપનાર તમો લખાવી લેનારને વેચાણ આપે છે તે અમો કન્ફર્મીંગપાર્ટીવાળાની જાણમાં છે તેમજ સદરહુ વેચાણ દસ્તાવેજમાં લખી આપનારે લીધેલ વેચાણ કિંમતનાં અવેજનાં રૂપિયાનો હીસાબ અમો કન્ફર્મીંગપાર્ટીવાળાએ લખી આપનાર સાથે સમજી લીધેલ છે તેથી સદરહુ વેચાણ દસ્તાવેજમાં કોઈપણ જાતનો અવેજ કે બદલો લીધા સિવાય આ દસ્તાવેજને કબુલ, મંજુર રાખી બહાલી આપી કન્ફર્મીંગપાર્ટી તરીકે જોડાઈને સહી કરેલ છે.

સદરહુ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. : ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂ.૩૦-૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૩૧૭૨ ખેતીની જમીન પૈકી વગર વ્હેંચાયેલ સ.ચો.મી. : ૪૩૦૦ જમીન અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નક્કી કરી એક બાનાખત અમદાવાદ (પશ્ચિમ સીટી)નાં ૧ નંબરની બુકનાં અનુક્રમ નં.૧૨૬૦ તા.૦૪/૦૯/૨૦૧૨ થી નોંધાવીને કરી આપેલ છે, પરંતુ ઉપરોક્ત ફાઈનલ પ્લોટ નં.૫૦ની સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લે-આઉટ પ્લાન મંજુર કરવામાં આવતાં

Y Sulin A. Rajak. [signatures]

AHD-04-PLD
6867 | ૧-૫૭
૨૦૧૫

NOTARY ALPA R. VYAS AHMEDABAD CITY GUJARAT STATE REGD.NO. 8684/11 GOVERNMENT OF INDIA

૯ :

તે મંજુર થયેલ લે-આઉટ પ્લાન મુજબ સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ જમીન ઉપરોકત રજીસ્ટર્ડ બાનાખતને પુરક સદરહુ જમીન આજરોજ આ વેચાણ દસ્તાવેજથી અમો લખી આપનાર તમો લખાવી લેનારને વેચાણ આપીએ છીએ.

સદરહુ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી.: ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી.: ૨-૧૯-૫૪ જમીનનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ આપવામાં આવેલ તે પૈકી સ.ચો.મી. : ૧૨૭૫૨ બીનખેતીની પરવાનગીવાળી જમીન સરકારી તથા અર્ધસરકારી રેકર્ડમાં તથા સરખેજ ગ્રામ પંચાયત / અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનાં રેકર્ડમાં તથા અન્ય તમામ રેકર્ડમાં અમો લખી આપનારનાં નામે કુલ સ્વતંત્ર માલીકી કબ્જેદાર તરીકે ચાલી આવેલ છે. તે ફાઈનલ પ્લોટ પ્રમાણેની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ની ૪૩૦૦ બીનખેતીની પરવાનગી વાળી જમીન આજરોજ આ વેચાણ દસ્તાવેજથી અમો લખી આપનાર તમો લખાવી લેનારને વેચાણ આપીએ છીએ.

એ રીતે નીચે પરીશીષ્ટમાં જણાવ્યા મુજબનાં નંબર, માપ તથા ખુટચાર વચલી સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. : ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂ.૩૦=૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૨૭૫૨ રહેણાંકનાં હેતુસર બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ બીનખેતીની પરવાનગીવાળી જમીન તથા આવેલ કોમન પ્લોટ તેમજ પુરેપુરા બાંધકામનાં એફ.એસ.આઈ.નાં હક્કો સહિતની જમીન તથા તેમાં આવેલ તમામ ઝાડ, પાન, કાંટા, વાડ સુદ્ધાંતની જમીન તથા સદરહુ જમીનનાં રસ્તાંનાં તથા ચાલ-નિકાલનાં હક્કો સહીતની જમીન તથા સદરહુ જમીનમાં જવા-આવવા માટે ફાઈનલ પ્લોટ નં.૫૦ માં મુકવામાં આવેલ રસ્તાનાં હક્કો સહિતની જમીન તથા સદરહુ જમીન પરત્વે અમો લખી

x Salim A. Rajwa.. S.R. [signature] [signature] ૧/૧૩

AHD-04-PLD
6867 | 10-57
2013

આપનારનાં જે જે અને જેટલા જેટલા હક્કો આવેલા છે તથા પોષાય છે તે તે તમામ હક્કો સહીતની આકાશથી તે પાતાળ સુધીનાં હક્કો સહીતની જમીન કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રૂા.૧,૭૯,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા એક કરોડ ઓગણાએસી લાખ પુરામાં અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપી તેના વેચાણ કિંમતનાં અવેજનાં રૂપિયા નીચેની વિગતેથી તમો લખાવી લેનાર પાસેથી લઈ સદરહુ જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબ્જો આજરોજ અમો લખી આપનારે તમો લખાવી લેનારને સોંપેલ છે જે તમો લખાવી લેનારએ સ્થળ ઉપર સંભાળી લીધેલ છે.

આજરોજથી સદરહું તમોને વેચાણ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. : ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂા.૩૦=૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૨૭૫૨ રહેણાંકનાં હેતુસર બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ બીનખેતીની પરવાનગીવાળી જમીનનાં તમો લખાવી લેનાર કુલ સ્વતંત્ર માલીક કબ્જેદાર થયા છો.

હવેથી સદરહુ તમોને વેચાણ આપેલ જમીન પરત્વે કે અમો લખી આપનારનો કે અમો કન્ફર્મીંગ પાર્ટીવાળાનો કે અમારા વંશ, વાલી, વારસો, લ્હેણદાર, કરજદાર, સફીલદાર વિગેરેનો કોઈપણ પ્રકારનો દરદાવો, લાગભાગ, હક્કહીસ્સો, હીતસંબંધ, વાંધોતકરાર, અડચણઅંતરાય, હરકતહેલો વિગેરે કાંઈ રહ્યા નથી. તેમ છતાં, અમો લખી આપનાર તરફથી હરકોઈ શખ્સ હરકોઈ પ્રકારનો દરદાવો, લાગભાગ, હક્કહીસ્સો, હીતસંબંધ, વાંધોતકરાર, અડચણઅંતરાય, હરકતહેલો વિગેરે કાંઈ કરતો કરાવતો આવે તો તેનો જવાબ તથા આ વેચાણ કિંમતનાં અવેજનાં રૂપિયાનો જવાબ અમો અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમો તમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને થતા ખર્ચ તથા નુકશાન સહીત આપવા બંધાયેલા છીએ.

AHD-04-PLD
6857 | 11-54
2013

સદરહુ તમોને વેચાણ આપેલ જમીન ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો સુખેથી વાપરો, ભોગવો, વેચો, સાટો, ગીરો કરો, બક્ષીસ કરો યા કાયદેસરનું બાંધકામ કરો યા તમો લખાવી લેનાર તમારું દિલ ચાહે તે રીતે ઉપયોગ કરવા હક્કદાર થયા છો. સદરહુ જમીનમાંથી નવેનિદ્ધ અષ્ટમાસિદ્ધ જે કાંઈ ખનીજ ખજાનો નિકળે યા પ્રગટ થાય તે તમામ તમો લખાવી લેનારનાં નસીબનું ગણાશે.

સદરહુ જમીનનાં સરકારી તથા અર્ધસરકારી ટેક્ષો, મહેસુલ, પીઆવો, વિશેષ ધારો તથા સરખેજ ગ્રામ પંચાયત / અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનાં ટેક્ષનાં નાણાં આજદિન સુધીનાં અમો લખી આપનારે ભરપાઈ કરી દીધેલ છે. તેમ છતાં, આજ પહેલાનાં સમયનાં તેવા કોઈ નાણાં ભરવાનાં બાકી નિકળી આવે તો તે ભરપાઈ કરી આપવાની જવાબદારી અમો લખી આપનારની છે અને રહેશે તેમજ આજ પછીનાં સમયનાં તેવા તમામ વરાડે પડતા નાણાં ભરવાની જવાબદારી તમો લખાવી લેનારનાં શીરે છે અને રહેશે.

સદરહુ તમોને વેચાણ આપેલ જમીન આ વેચાણ દસ્તાવેજનાં આધારે સરકારી તથા અર્ધસરકારી રેકર્ડમાં તથા સરખેજ ગ્રામ પંચાયત / અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનાં રેકર્ડમાં તથા અન્ય તમામ રેકર્ડમાં તમો લખાવી લેનાર તમારા નામે કરાવી લેવા હક્કદાર થયા છો તે અંગે અમો લખી આપનારની તથા અમો કન્ફરમીંગપાર્ટીવાળા તથા અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામની સહી, સંમત્તિ અને રાજીખુશી છે. તેમ છતાં, ભવિષ્યમાં તે અંગે અમો લખી આપનારની કે અમો કન્ફરમીંગપાર્ટીવાળા કે અમારા વંશ, વાલી, વારસોની જ્યાં જ્યાં સહી, સાક્ષી, અરજી, એફીડેવીટ, બોન્ડ, ડેકલેરેશન, કબુલાત, સુધારા વિગેરેની જરૂરત પડે ત્યાં ત્યાં તથા ૧૩૫-ડી ની નોટીસમાં સહી કરી આપવા અમો લખી આપનાર તથા અમો કન્ફરમીંગપાર્ટીવાળા તથા અમારા વંશ, વાલી, વારસો આથી બંધાયેલા છીએ.

સદરહુ જમીન અમો લખી આપનારની વડીલોપાર્જીત હોઈ અમો લખી આપનાર તથા અમો કન્ફરમીંગપાર્ટીવાળા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો

Salim A. Rajput

NOTARY GOVERNMENT OF INDIA
ALPA R. VYAS
AHMEDABAD-CITY
GUJARAT STATE
REGD NO. 5584/11

AHD-04-PLD
6867 | 12-57
2013

હક્ક આવેલ નથી કે પોષાતો નથી તેમજ સદરહુ જમીન આ રીતે અમો લખી આપનાર તમો લખાવી લેનારને વેચાણ આપવા માલીક મુખત્યાર અને હક્કદાર છીએ તેમજ સદરહુ જમીનમાં કોઈ સગીરનું હીત સમાયેલ નથી. તેમ છતાં, ભવિષ્યમાં તેવા કોઈ સગીરનું હીત નિકળી આવે તો તે સગીરનાં હીતનાં નાણાંની વ્યવસ્થા સગીરનાં નામથી કરવાની તમામ જવાબદારી અમો લખી આપનારની છે અને રહેશે તેમજ સદરહુ તમોને વેચાણ આપેલ જમીન સંપૂર્ણપણે ચોખ્ખી, બોજા રહીત અને વેચાણ પાત્ર છે અને તે જમીનની આજદિન સુધીની સરકારી તથા ખાનગી જવાબદારી અમારી છે તેમજ સદરહુ જમીન રેવન્યુ તથા રજીસ્ટ્રેશન રેકર્ડમાં અમો લખી આપનારની ચોખ્ખી માલીકી દર્શાવેલ છે. હવે પછી સરકાર દ્વારા કોઈપણ કાયદા નીચે આજરોજ સુધીની પરિસ્થિતી તથા વ્યવહારો, કાર્યવાહીઓ તથા હુકમો વિગેરે અંગે કોઈપણ પ્રકારનાં પ્રોસીડીંગ્સ શરૂ થાય તો તે અંગેની તથા તેનાં પરીણામો અંગેની તથા તેના સમાધાન અંગેની વિગેરે તમામ જવાબદારી અને લાયેબલીટી અમો લખી આપનારની છે અને રહેશે.

સદરહુ જમીનનાં રાઈટ ટાઈટલ્સ, ચોખ્ખા, માર્કેટેબલ, સેલેબલ, બીનજોખમી અને નાકરજી છે. તેમ છતાં, સદરહુ જમીનનાં વેચાણ હક્કો ટાઈટલ્સ પુરવાર કરવા માટે જે તે લેખો, કાગળો, ખાત્રીઓ, સહીઓ, બોન્ડ, એફીડેવીટ, ડેકલેરેશન, કબુલાત વિગેરેની તમો લખાવી લેનારને તથા તમારા મુખત્યાર તથા વકીલો ઈત્યાદીને જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જરૂર પડે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં તેવા લેખો, કાગળો, ખાત્રીઓ, સહીઓ, બોન્ડ, એફીડેવીટ, ડેકલેરેશન, કબુલાત વિગેરે કરી આપવા અમો લખી આપનાર તથા અમો કન્ફરમીંગપાર્ટીવાળા બંધાયેલા છીએ અને અમો લખી આપનાર તથા અમો કન્ફરમીંગપાર્ટીવાળા તમો લખાવી લેનારને પાકી ખાત્રી અને ભરૂસો આપીએ છીએ.

સદરહુ સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી.: ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી.: ૨-૧૯-૫૪ જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ (સરખેજ-મકરબા-ઓકાફ) માં થતાં ફા.પ્લોટ નં.૫૦,

Salim A. Rajan   S.R. [signature]   [signature] 29/9/13

NOTARY ALPA R. VYAS AHMEDABAD CITY GUJARAT STATE REGD NO. 8524/11 GOVERNMENT OF INDIA

AHD-04-PLD
6867 | 13-57
2013

સ.ચો.મી. ૧૩૧૭૨ આપવામાં આવેલ છે તે ફા.પ્લોટ નં.૫૦ વાળી જમીનમાંથી સદરહુ તમોને વેચાણ આપેલ. સદરહુ ફાઈનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ બીનખેતીની જમીનને મળતા ટાઉન પ્લાનીંગ સ્કીમનાં લાભો હક્કો તથા બાંધકામનાં એફ.એસ.આઇ. નાં હક્કો લેવા તમો લખાવી લેનાર હક્કદાર રહેશો તેમજ સદરહુ તમોને વેચાણ આપેલ જમીનની ટી.પી.સ્કીમ ફાઈનલ થયા પછી ભવિષ્યમાં જે કાંઈ વળતરની રકમ મળે તે લેવા તમો લખાવી લેનાર હક્કદાર રહેશો તેમજ તે અંગે ભવિષ્યમાં અમો લખી આપનાર તરફથી જે કાંઈ સંમત્તિનાં લેખો વિગેરેની જરૂર પડે તે તમો લખાવી લેનારને કરી આપવા અમો લખી આપનાર બંધાયેલા છીએ તેમજ સદરહુ જમીન શહેરી ટોચ મર્યાદા કાયદા હેઠળ ફાજલ જાહેર થયેલ નથી.

સદરહુ જમીનનાં વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવું કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ફી, લખાઈ ફી, વકીલ ફી ઈત્યાદી તમામ ખર્ચ તમો લખાવી લેનાર એકલાએ ભોગવેલ છે.

સદરહુ જમીનનાં ટાઈટલને લગતા તમામ મહેસુલ, વિશેષ ધારો, શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચો, બીનખેતીનાં હુકમની નકલ, મંજુર થયેલ લે-આઉટ પ્લાન, રજાચિઠ્ઠી, ૭/૧૨ તથા ગામ નમૂના નં.૬ ની નકલ, માપણી શીટની નકલ વિગેરે અમો લખી આપનારે તમો લખાવી લેનારને સોંપેલ છે તે સિવાય સદરહુ જમીનનાં અન્ય કોઈ કાગળો અમો લખી આપનાર પાસે આવેલ નથી કે બોજો કરવાનાં ઈરાદે અન્ય કોઈને સોંપેલ નથી.

સદરહુ વેચાણ દસ્તાવેજ કન્ફરમીંગપાર્ટીવાળાનાં કુલમુખત્યાર તરીકે કરવામાં આવેલ છે કુલમુખત્યારનામુ લખી આપનાર કન્ફરમીંગપાર્ટીવાળા તમામ હાલ હયાત છે તે કુલમુખત્યારનામુ કોઈપણ પ્રકારે રદ કરવામાં આવેલ નથી, કે પાછુ ખેંચવામાં આવેલ નથી તે કુલમુખત્યારનામાનો અમલ હાલ જારી છે.

સદરહુ જમીનનો સમાવેશ સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારની યાદીમાં થતો ના હોઈ આ વેચાણ દસ્તાવેજ વખતે અશાંત ધારા હેઠળ પરમીશન લેવાની જરૂરત નથી.

Salim A. Rujna   S.R. Nagar   [signature] 13/9/13

AHD-04-PLD
6867
2013

સદરહુ જમીનનાં વેચાણ કિંમતના અવેજનાં રૂપિયા પહોંચ્યાની વિગત...

રૂા.૪,૦૦,૦૦૦=૦૦	અંકે રૂપિયા ચાર લાખ પુરાનો ચેક નં.૬૬૨૦૭૭, તા.૦૪/૦૪/૨૦૦૬ ના રોજનો આઈ.ડી.બી.આઈ.બેંક, લાલબંગલા શાખા, અમદાવાદનો તમો લખાવી લેનારે અમો લખી આપનારના નામનો આપેલ છે તે.
રૂા.૧,૦૩,૨૦,૦૦૦=૦૦	અંકે રૂપિયા એક કરોડ ત્રણ લાખ વીસ હજાર પુરા સદરહુ જમીનને બીનખેતી લાયક જુની શરતની કરાવવા માટે સરકારશ્રીમાં ભરવાની થતી પ્રીમયમની રકમ અમો લખી આપનારાઓના કહેવાથી તેમજ વતીથી તમો લખાવી લેનારે તા.૧૯/૦૪/૨૦૧૧ ના રોજ પ્રીમીયમની રકમ પહોંચ નંબર : ૮૫ માં સરકારશ્રીમાં જમા કરાવેલ છે તે વેચાણ કિંમતના અવેજ પેટે આ બાનાખતમાં મજરે ગણેલ છે તે.
રૂા.૨૦,૦૦,૦૦૦=૦૦	અંકે રૂપિયા વીસ લાખ પુરાનો ચેક નં.૩૬૭૧૦૬, તા.૧૧/૦૮/૨૦૧૨ ના રોજનો યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, સી.જી.રોડ શાખા, અમદાવાદનો તમો લખાવી લેનારે અમો લખી આપનારના નામનો આપેલ છે તે.
રૂા.૧,૮૦,૦૦૦=૦૦	અંકે રૂપિયા એક લાખ એંશી હજાર પુરાનો ચેક નં.૧૬૧૫૪૫, તા.૩૧/૦૮/૨૦૧૨ ના રોજનો આઈ.ડી.બી.આઈ.બેંક, લાલબંગલા શાખા, અમદાવાદનો તમો લખાવી લેનારે અમો લખી આપનારના નામનો આપેલ છે તે.
રૂા.૫૦,૦૦,૦૦૦=૦૦	અંકે રૂપિયા પચાસ લાખ પુરા સદરહુ જમીનને બીનખેતી લાયક જુની શરતની કરાવવા માટે સરકારશ્રીમાં ભરવાની થતી વધારાની તફાવતની પ્રીમયમની રકમ અમો લખી

Salim A. Rajput

AHD-04-PLD
6867 / 15-57
2013

NOTARY GOVERNMENT OF INDIA ... AHMEDABAD ... GUJARAT STATE REGD NO. ...

૧૫

આપનારાઓના કહેવાથી તેમજ વતીથી તમો લખાવી લેનારે ચેક નં.૧૫૯૦૫૧ તથા નં.૧૫૯૦૫૨ તા.૨૯/૦૩/૨૦૧૩ ના રોજ, આઈ.ડી.બી.આઈ. બેંક, લાલબંગલા શાખાથી પ્રીમીયમની રકમ સરકારશ્રીમાં જમા કરાવેલ છે તે વેચાણ કિંમતના અવેજ પેટે આ દસ્તાવેજમાંમજરે ગણેલ છે તે.

રૂા.૧,૭૯,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા એક કરોડ ઓગણાએંસી લાખ પુરા...

તે રીતે સદરહુ તમોને વેચાણ આપેલ જમીનનાં વેચાણ કિંમતનાં **રૂા.૧,૭૯,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા એક કરોડ** ઓગણાએંસી લાખ પુરા ઉપરની વિગતે અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી પુરા કરી લીધા છે જે રકમ અમો લખી આપનારને મળ્યાનું આથી કબુલ, મંજુર રાખીએ છીએ જેની આ પહોંચ છે. આથી અવેજ ભરેલ ભર્યો મળેલ છે અવેજ અંગે અમો લખી આપનારને કોઈ વાંધો તકરાર નથી તેમજ સદરહું જમીનનો અવેજ ચુકવવામાંથી અમો લખી આપનાર તમો લખાવી લેનારને મુકત કરીએ છીએ.

સદરહુ જમીનનાં વેચાણ કિંમતનાં અવેજનાં રૂપિયાની લેવડ-દેવડ ટી. ડી. એસ. કાપવાનો કાયદો આવ્યા પહેલાં થઈ થયેલ હોઈ સદરહુ દસ્તાવેજનાં વેચાણ કિંમતનાં અવેજમાંથી ટી. ડી. એસ. ભરવાનો રહેતો નથી.

સદરહુ તમોને વેચાણ આપેલ જમીન કે તેનો કોઈપણ ભાગ અમો લખી આપનારે આજ પહેલા બીજા કોઈને વેચાણ કે ટ્રાન્સફર કરવા અંગે કોઈપણ પ્રકારનાં લખાણો કરી આપેલા નથી કે બોજામાં કે જોખમમાં મુકેલ નથી તેમજ સદરહુ જમીન સંબંધમાં કોઈપણ પ્રકારનાં હાની કરતા કૃત્યો કર્યા નથી કે જાણી જોઈને વિરૂધ્ધમાં તેમજ સદરહુ જમીનને વીપરીત અસર કરે તેવા કોઈ કૃત્યો કર્યા નથી તેમજ સદરહુ જમીન ઉપર કોઈપણ સહકારી કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી પેઢી, સંસ્થા કે ખાનગી વ્યક્તિ પાસેથી લોન લીધેલ નથી તેમજ સદરહુ જમીન

Salim A. Rajak.. [signatures]

NOTARY
GOVERNMENT OF INDIA

AHD-04-PLD
6867 | 7647
2012

ઉપર કોઈનાં જામીન થયેલા નથી તેમજ સદરહુ જમીન કોઈપણ કોર્ટની જપ્તીમાં કે અવલજપ્તીમાં નથી તેમજ સદરહુ જમીન વેચવી વેચાવવી નહીં તેવો કોઈ કોર્ટનો મનાઈ હુકમ નથી તેમજ સદરહુ જમીન પરત્વે કોઈપણ શખ્સનો ગણોત હક્ક, ખેડ હક્ક, કબ્જા હક્ક કે ખોરાકીપોષાકીનો કે ભરણપોષણનો હક્ક નથી તેમજ સદરહુ જમીન બાબતે અમારા માલીકી હક્કોને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય અમો લખી આપનારે કરી આપેલ નથી તેમજ કોઈપણ પ્રકારનાં ખાનગી કે નોંધાયેલા કરાર, બાનાખત, બાનાચિઠ્ઠી કે અન્ય કોઈપણ પ્રકારનાં લખાણ અન્ય કોઈપણ શખ્સને કરી આપેલ નથી તેમજ સદરહુ જમીન કે તેનો કોઈપણ ભાગ સરકારશ્રીએ કોઈપણ યોજના માટે અનામતમાં મુકેલ નથી કે તે બાબતની કોઈપણ કચેરીમાં કોઈપણ જાતની નોટીસ અમોને આજદિન સુધી બજેલ નથી તેમજ સદરહુ જમીન એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમાં આવેલ નથી કે મુકાયેલ નથી કે તે બાબતની કોઈપણ નોટીસ અમોને બજેલ નથી તેમજ સદરહુ જમીન આ રીતે તમો લખાવી લેનારને વેચાણ આપવા અમો માલીક મુખત્યાર અને હક્કદાર છીએ.

Salim A. Rajani   S. R. Nagam   9713

AHD-04-PLD
6867 | 17-57
2013

-: પરીશીષ્ટ :-

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી)નાં સીટી પશ્ચિમ તાલુકાનાં ગામ મોજે સરખેજની સીમનાં ખાતા નં.૧૭૮ ની સર્વે નં.૫૯૭ જેના હે.આરે.ચો.મી. : ૨-૧૧-૪૫ તથા ખરાબાની હે.આરે.ચો.મી. : ૦-૦૮-૦૯ મળી કુલ્લે હે.આરે.ચો.મી. : ૨-૧૯-૫૪, આકાર રૂા.૩૦=૮૧ પૈસાવાળી જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૮૫ માં થતા તેને ફાઈનલ પ્લોટ નં.૫૦ તથા સ.ચો.મી. : ૧૩૧૭૨ જમીન આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૫૦ ની સ.ચો.મી. : ૧૨૭૫૨ રહેણાંકનાં હેતુસર બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં.૦૨ ની સ.ચો.મી. : ૪૩૦૦ બીનખેતીની પરવાનગીવાળી જમીનનં...

રીમાર્ક :- અમો લખી આપનારે સર્વે નં.૫૯૭ વાળી જમીનનાં બદલે મળેલ ફાઈનલ પ્લોટ નં.૫૦ પૈકીની સબ પ્લોટ નં.૦૨ સ.ચો.મી. : ૪૩૦૦ જમીન તમો લખાવી લેનારને વેચાણ આપેલ છે, પરંતુ હાલમાં રેકર્ડનું પ્રમોલગેશન ટી. પી. સ્કીમ પ્રમાણે થયેલ ન હોઈ રેવન્યુ રેકર્ડમાં સર્વે નંબર પ્રમાણે બાકી રહેતી જમીન સીમ્બોલીક ઓનર તરીકે અમો લખી આપનારનાં નામે ચાલુ રહેશે જે બાબતનો અમો લખી આપનારે ભવિષ્યમાં કોઈ દુર-ઉપયોગ કરવાનો નથી તેની અમો લખી આપનાર પાકી ખાત્રી અને બાહેંધરી આપીએ છીએ.

ફા.પ્લોટ નં.૫૦ પૈકી સબ પ્લોટ નં.૦૨ વાળી જમીનનાં ખુંટચારની વિગત...

પૂર્વે : ટી. પી. સ્કીમનો ફાઈનલ પ્લોટ નં.૪૯

પશ્ચિમે : સદરહુ ફાઈનલ પ્લોટ નં.૫૦ પૈકીનો સબ પ્લોટ નં.૦૧

ઉત્તરે : ૧૨ મીટરનો ટી.પી.રોડ.

દક્ષિણે : સદરહુ ફાઈનલ પ્લોટ નં.૫૦ પૈકીનો સબ પ્લોટ નં.૦૩

X Salim A. Rajak S.R.N... 29/7/13

AHD-04-PLD
6867 | 18-27
2013

NOTARY
GOVERNMENT OF INDIA



લખી આપનારની સહી :- 23/09/2013

લખાવી લેનારની સહી :- × Salim A. Fujar

S. R Naagamm

AHD-04-PLD
6867 | 19-57
2013

લખી આપનારની સહી :-

લખાવી લેનારની સહી :- x

ગામ મોજે - સબ પ્લોટ નં.૦૨, સરખેજ, તા.સીટી, જી.અમદાવાદ.

AHD-04-PLD
6867 / 20-27
2013

એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તથા અમો કન્ફર્મીંગપાર્ટી વાળાએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી સમજી વિચારી કોઈપણ જાતના દાબદબાણ સીવાય સભાન અવસ્થામાં તમો લખાવી લેનારને લખી આપેલ છે. જે અમો લખી આપનારને તથા અમો લખી આપનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને તથા અમો કન્ફર્મીંગપાર્ટી વાળાને તથા અમો કન્ફર્મીંગપાર્ટી વાળાનાં વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને તથા તમો લખાવી લેનારને તથા તમો લખાવી લેનારનાં વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે ઉપર લખ્યું તે સહી છે.

આજ તા. 23 માહે સપ્ટેમ્બર, સને - ૨૦૧૩ નાં દિને અમદાવાદ મધ્યે

અત્રે---------------------------મતુ અત્રે---------------------------શાખ

લખી આપનારની સહી :-

(બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ)

કન્ફર્મીંગપાર્ટીવાળાની સહી :-

(૧) ભાવેશ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ

(૨) દેવયાની તે ભાવેશભાઈ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત

(૩) ગાર્ગી તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી

(૪) રચના તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી

(૫) કલાબેન તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત નાં એમ નં.૧ થી ૫નાં વતી અને તરફથી તેઓનાં કુલમુખત્યાર તરીકે :

S.R.Nagani

(સીરાજ અબ્દુલરજાક નાગાણી)

સાક્ષીઓની સહી :-

૧.---------------------------

૨.---------------------------

AHD-04-PLD

6867

ભારતીય રજીસ્ટ્રેશન અધિનીયમની કલમ - ૩૨ (એ) મુજબ પરીશીષ્ટ :-

લખી આપનારની સહી :-

(બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ)

લખાવી લેનારની સહી :-



(સલીમ અબ્દુલરજાક નાગાણી)

GOVERNMENT OF INDIA * NOTARY

AHD-04-PLD
6867 | २२-५७
2013

કન્ફર્મીંગપાર્ટીવાળાની સહી :-

(૧) ભાવેશ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલ

(૨) દેવયાની તે ભાવેશભાઈ બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત

(૩) ગાર્ગી તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી

(૪) રચના તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની દિકરી

(૫) કલાબેન તે બચુભાઈ ઉર્ફે વાસુદેવ ચીમનલાલની અ.સૌ. ઓરત નાં એમ નં.૧ થી ૫નાં વતી અને તરફથી તેઓનાં કુલમુખત્યાર તરીકે :

S.R.Nagani

(સીરાજ અબ્દુલરજાક નાગાણી)